સુવિચાર : બુદ્ધિશાળી એટલે એક ટકો પ્રેરણા અને નવ્વાણું ટકા પરિશ્રમ - ફાધર વાલેસ

તાપમાન
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૨૮ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૨૯ | ૨૯ ઓક્ટોબર, ૨૦૧૫, ગુરૂવાર ; આસો વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- લશ્કરે તોયબાના ત્રાસવાદીને તાલીમ આપી હતી : મુશર્રફ
- ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાંથી અનામત દુર કરો : સુપ્રીમ
- ઈન્દ્રાણી ડેન્ગ્યુ રોગથી ગ્રસ્ત : જેલમાં જ સારવાર
- દાળોની કિંમતમાં ઘટાડાનો દોર : સંગ્રહખોરો પર નજર
- મોદી અનામત અંગે કોમવાદી કાર્ડ રમી રહ્યા છે : લાલુ યાદવ
- બિહારની કલ્યાણ યોજના પર નિતી આયોગ ફીદા છે
- શેરબજારમાં મંદી જારી :વધુ ૨૧૪ પોઇન્ટનો ઘટાડો થયો
- ફેસબુક માટે ભારત ખૂબ જ મહત્વપૂર્ણ : માર્ક જુકરબર્ગ
- FTIIના વિદ્યાર્થીઓએ અંતે લાંબી હડતાલને પાછી ખેંચી
- પાકિસ્તાનને હવે તેની જ ભાષામાં જવાબ અપાશે : અજીત ડોભાલની ખુલ્લી ચેતવણી

# ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મુકવા સુપ્રીમનો ઈન્કાર



### ૩૧મી ઓક્ટોબરથી પ્રદૂષણ જાગૃતિ જાહેરાતો આપવા આદેશ : કેન્દ્ર સરકારને જરૂરી સુચના આપી : ત્રણ નવજાત શિશુવતી કરાયેલી અરજી પર કપિલ સિબ્બલ દ્વારા તર્કદાર દલીલો

નવી દિલ્હી,તા. ૨૮

સંપૂર્ણ પ્રતિબંધ સામે કેન્દ્રના અભિપ્રાયને ધ્યાનમાં લઈને સુપ્રીમ કોર્ટે દિવાળી ઉપર ફટાકડા ઉપર પ્રતિબંધ મુકવાનો ઈનકાર કર્યો છે. સુપ્રીમ કોર્ટે દિવાળીના ફટાકડા ઉપર પ્રતિબંધ મુકવાનો ઈન્કાર કરતા પ્રદૂષણ નિયંત્રણ જાગૃતિ ઝુંબેશ ચલાવવાનો કેન્દ્ર સરકારને આદેશ કર્યો છે. જોકે, સુપ્રીમ કોર્ટે ૩૧મી ઓકટોબરથી ૧૨મી નવેમ્બર વચ્ચેના ગાળામાં પ્રદૂષણ જાગૃતિ જાહેરાતો પ્રકાશિત કરવા કેન્દ્ર સરકારને સુચના આપી છે. ત્રણ બાળકો અર્જુન ગોપાલ, આરવ ભંડારી અને ઝોયા રાવ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ઉપર સુનાવણી ચલાવતીવેળા સુપ્રીમ કોર્ટે આ ચુકાદો આપ્યો છે. આ બાળકોની વય છથી લઈને ૧૪ મહિનાની હોવાનું જાણવા મળ્યું છે. દિલ્હીના જીવલેણ વાયુ પ્રદૂષણને અંકુશમાં રોકવા તાત્કાલિક પગલા લેવાની માંગ આ બાળકો વતી દાખલ કરવામાં આવી હતી. આ બાળકો વતી કરવામાં આવેલી જાહેરહિતની અરજીમાં દિવાળી દરમિયાન ફટાકડા ઉપર પ્રતિબંધ મુકવાની વાત કરવામાં આવી હતી. કેન્દ્ર સરકારે પ્રતિબંધની સામે પોતાની દલીલો પણ કરી હતી અને વર્ષ ૨૦૦૧ના સુપ્રીમ કોર્ટના ચુકાદાનો ઉલ્લેખ કર્યો હતો. જેમાં જણાવાયું હતું કે, સવારે ૬ વાગ્યાથી લઈને રાત્રે ૧૦ વાગ્યા સુધી ફટાકડા ફોડી શકાય છે.

નવજાત શિશુઓ તરફથી તેમના કાયદાકીય ગાર્ડીયન મારફતે કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. વરિષ્ઠ વકિલ કપિલ સિબ્બલે દાવો કર્યો હતો કે, દિલ્હી સરકારે પ્રદૂષણને રોકવા માટે ૩૮૭ કરોડ રૂપિયા નક્કી કર્યા છે પરંતુ ઓછામાં ઓછા ૮૭ ટકા રકમનો હજુ પણ ઉપયોગ કરવામાં આવ્યો નથી. દિલ્હી સરકારે પ્રદૂષણને ઘટાડવા માટે શિકાગોની કંપની સાથે એમઓયુ પણ કરેલા છે. પરંતુ આ દિશામાં પણ પહેલ થઈ નથી. જાહેરહિતની અરજીમાં સીઝનલ પાક સળગાવવા ઉપર પણ પ્રતિબંધ મુકવાની માંગ કરવામાં આવી હતી.

# બિહારમાં ૫૩ ટકા મતદાન

પટણા,તા. ૨૮

બિહારમાં અભૂતપૂર્વ સુરક્ષા અને ભારે ઉત્સાહ વચ્ચે આજે ત્રીજા તબક્કામાં શાંતિપૂર્ણ રીતે ૫૩.૩૨ ટકા મતદાન નોંધાયું હતું. મતદાન શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થતાં તંત્રએ રાહત અનુભવી હતી. સીઈઓ અજય નાયક દ્વારા આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. સ્ટેટ ઈલેક્શન કમિશનના આંકડા જારી કરવામાં આવ્યા બાદ ભાજપ સહિતના રાજકીય પક્ષોમાં દાવાઓનો દોર શરૂ થઈ ગયો હતો. ભાજપના કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, ૫૦ બેઠકો ઉપર લોકોનું સમર્તન અસામાન્ય રહ્યું છે. અમે ૫૦માંથી ૪૦-૪૨ બેઠકો જીતી રહ્યા છીએ. બીજીબાજુ આરજેડી વડા લાલુ યાદવના પુત્ર તેજસ્વીએ કહ્યું હતું કે, અહીં કોઈ લડાઈ નથી. તેમને બિલકુલ સ્પષ્ટ બહુમતિ મળનાર છે. પાટનગર પટણા સહિત સારન, વૈશાલી, નાલંદા, ભોજપુર અને બક્સર જિલ્લામાં લોકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. અગાઉ આજે સવારે મતદાનની શરૂઆત થઈ હતી. બિહારમાં ત્રીજા તબક્કામાં મતદાનને લઈને શરૂઆતમાં જ ભારે ઉત્સાહ દેખાયો હતો. છ જિલ્લાઓને આવરી લેતી ૫૦ બેઠકોમાં આજે સવારે મતદાનની શરૂઆત થઈ હતી. બે હેલિકોપ્ટર, ડ્રોન અને ૬૬૭ અર્ધલશ્કરી દળોની કંપનીઓ પણ ચૂંટણી માટે ગોઠવી દેવામાં આવી હતી. સંવેદનશીલ વિસ્તારમાં ચાર વાગ્યા સુધી જ મતદાન ચાલ્યું હતું. પાંચ તબક્કામાં મતદાન યોજનાર છે. જેની પાંચમી નવેમ્બરના દિવસે પૂર્ણાહુતિ થનાર છે. ત્રણ દિવસ બાદ પરિણામ જાહેર કરાશે . ત્રીજા તબક્કામાં પણ અગાઉના બે તબક્કાની જેમ એનડીએ અને મહાગઠબંધન વચ્ચે તીવ્ર સ્પર્ધા છે. આજે મતદાનની સાથે જ આરજેડી

**લાલુ યાદવના બન્ને પુત્રો સહિત ૮૦૮ ઉમેદવારોના ભાવિ સીલ : ત્રીજા તબક્કામાં પણ ઘણી બેઠકો મળી હોવાનો ભાજપ અને મહાગઠબંધનના નેતાઓનો દાવો : કોઈપણ અનિચ્છનિય બનાવ ન બનતા તંત્રને મોટી રાહત**

● અનુસંધાન પાન-૭ પર

# દાઉદ અને તેની ગેંગથી ગભરાતો નથી : છોટા રાજન

નવી દિલ્હી,તા. ૨૮

પાકિસ્તાન સામે મજબુત કેસ બનાવવાના પ્રયાસ ભારત દ્વારા કરવામાંઆવી રહ્યા છે. રાજન હવે પુછપરછ માટે સામ સામે ઉપસ્થિત થનાર છે. આવી સ્થિતીમાં તેની વધારે નક્કર માહિતી મળી શકે છે. દાઉદ અને ટાઈગર મેમણ અંગે વધારે નક્કર પુરાવા આપવાના પ્રયાસ કરવામાં આવટી શકે છે. ઈન્ટેલિજન્સ અધિકારીએ કહ્યુ છે કે રાજનનીધરપકડથી અમારા મોસ્ટ વોન્ટેડ ક્રિમિનલ સામે વધુ વિશ્વસનીય ડોઝિયર તૈયાર કરી શકાશે. ભવિષ્યમાં દ્વિપક્ષીય અને આંતરરાષ્ટ્રીય મંચ પર પાકિસ્તાનનો વધારે સારી રીતે ખુલી પાડી દેવામાં ભારતને મદદ





● અનુસંધાન પાન-૭ પર



**કેલેન્ડર નિર્માણ -** દિવાળીના આગમનના પગલે કેલેન્ડર બનાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે... નવા વર્ષે ઘરમાં નવું કેલેન્ડર લાવવાની પરંપરા ભારતીય સમાજમાં આજે પણ યથાવત છે...

# જિલ્લા પંચાયત માટે ઉમેદવાર બે લાખના ખર્ચની મર્યાદા

ગાંધીનગર, તા. ૨૮

રાજ્ય ચૂંટણી પંચે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉમેદવારે કરવાના ખર્ચ અંગેની મર્યાદા નિયત કરેલ છે. જિલ્લા પંચાયત માટે ઉમેદવાર રૂ. ૨.૫૦ લાખનો ખર્ચ કરી શકશે જ્યારે તા.પં. માટે રૂ. ૧.૨૫ લાખની મર્યાદા નિયત કરવામાં આવી છે.

મનપા અને નગરપાલિકાના ઉમેદવારો માટે ખર્ચની મર્યાદા નિયત કરવામાં આવી છે. જેમાં મનપામાં વોર્ડ દીઠ એક ઉમેદવાર રૂ. ૪ લાખની મર્યાદાં તો નગરપાલિકા નાની હોય તો વોર્ડ દીઠ રૂ. ૧ લાખ અને ૯ વોર્ડથી વધુ વોર્ડ ધરાવતી હોય તો રૂ. ૧.૫૦ લાખના ખર્ચની મર્યાદા નિયત કાઈ છે.

**તાલુકા પંચાયત માટે રૂ. ૧.૨૫ લાખનો ખર્ચ કરી શકશે**

૨૦૧૦માં ચૂંટણી વેળાએ કરાયેલા સુધારાઓના અમલીકરણ માટે આ વખતે પંચે વધુ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. ઉમેદવારોએ તેમના ખર્ચના હિસાબો રજુ કરવા પડશે.

આ હિસાબો ચૂંટણી અધિકારી સમક્ષ નિયત કરાયેલા દિવસોએ રજુ કરવાના રહેશે. પંચ દ્વારા આ માટે હિસાબો કેવી રીતે રાખવા તેની સમજ પણ આપનાર છે.

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની દુંદંભી વાગી ચુકી છે. ત્યારે પંચે આ ચૂંટણી માટે નિરીક્ષકો

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અંગે ડોક્યુમેન્ટરી તૈયાર કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૮

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંગે રાજ્ય ચૂંટણી પંચ એક ડોક્યુમેન્ટરી પણ તૈયાર કરશે.

રાજ્ય ચૂંટણી પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તૈયારીથી લઈ પરિણામ સુધીની તમામ બાબતો અંગે એક ડોક્યુમેન્ટરી તૈયાર કરી પંચને મોકલવા માટે જિલ્લા તંત્રને ખાસ સૂચનાઓ આપવામાં આવી છે. આ ડોક્યુમેન્ટરી તૈયાર કરી પરિણામ જાહેર થયા બાદ તેની નકલ ચૂંટણીપંચને મોકલવાની રહેશે.

# મહાત્મા મંદિર ખાતે ઈન્ડીયા કેમ-ઈન્ટરનેશનલ કોન્ફરન્સનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૮

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે દેશના પેટ્રોકેમિકલ્સના ૬૮ ટકા ઉત્પાદન કરતાં ગુજરાતમાં કેમિકલ્સ-પેટ્રોકેમિકલ્સ ઈન્ડસ્ટ્રીઝને 'ઝીરો ઈફેક્ટ ઝીરો ડિફેક્ટ'નો પર્યાવરણ સુરક્ષા ધ્યેય અપનાવવા આહ્વાન કર્યુ છે.

આ સંદર્ભમાં તેમણે ઉમેર્યુ કે, પર્યાવરણ ક્ષેત્રે આવેલી વૈશ્વિક જાગૃતિની પરિપાટીએ હવે કેમિકલ્સ ઈન્ડસ્ટ્રીઝે પણ પ્રદૂષિત પાણી-કેમિકલ વેસ્ટ વગેરે કચરાના નિકાલની આધુનિક ટેકનોલોજી અપનાવવી અને વિકસાવવી એ જ સમયની માંગ છે.

મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરમાં યોજાઈ રહેલી ત્રિદિવસીય ઈન્ડીયા કેમ-૨૦૧૫ કોન્ફરન્સ અને પ્રદર્શનીના ઉદ્દ્ઘાટન કર્યા હતા. કેન્દ્રીય રસાયણ-ખાતર રાજ્યમંત્રી શ્રી હંસરાજ આહિર પણ આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા.

ભારત સરકારના કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ ડિપાર્ટમેન્ટ અને ગુજરાત સરકાર તથા ફિક્કી દ્વારા આ ચોથી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ મહાત્મા મંદિરમાં યોજાઈ છે.

કેન્દ્રીય કેમિકલ્સ-પેટ્રોકેમિકલ્સ સચિવ શ્રી સુરજિતકુમાર ચૌધરીએ આવી પરિષદ કેમિકલ ઉદ્યોગો માટે માહિતી જ્ઞાન આદાન-પ્રદાન સાથે બેસ્ટ પ્રેક્ટીસીસ શેરીંગનુ પ્લેટફોર્મ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતાં કેન્દ્ર સરકારની વિવિધ નીતિઓની છણાવટ કરી હતી.

લેન્કેસેસ ઈન્ડીયાના મેનેજિંગ ડિરેક્ટર શ્રીયુત જેકવેઝ પ્રેઝ એ કિ-નોટ એડ્રેસ આપ્યું હતું.

પ્રારંભમાં ફિક્કીના ચેરમેન શ્રી દિપક મહેતાએ સૌને આવકારતાં કોન્ફરન્સનો ઉદેશ સ્પષ્ટ કર્યો હતો.

વાઈસ ચેરમેન શ્રી પંકજભાઈ પટેલે રાજ્યના કેમિકલ્સ ઉદ્યોગોના પ્રશ્નોના નિવારણ અને વિચારમંથન માટે આ પરિષદ ઉપયુક્ત બનશે તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે કેમિકલ્સ ઈન્ડસ્ટ્રીઝના વિવિધ સંગઠનોના પદાધિકારીઓ, ઉદ્યોગકારો અને આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત ડાયસ્ટફ એસોસિએશનના પ્રમુખ શ્રી મહેશ દેસાઈએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

## વધે નામના આપની - એવી શુભકામના અમારી



ગાંધીનગર શહેરની પ્રતિષ્ઠિત કલા સંસ્થા પનઘટ કલા કેન્દ્રના કલાકારોના રાષ્ટ્રપતિ ભવનમાં અદ્ભૂત ગરબાની પ્રસ્તુતિ અને રાજયકક્ષા નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધાના અર્વાચીન ગરબામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા બદલ શ્રી ભાવિન પટેલ અને ટીમના તમામ કલાકારોને હ્દયપૂર્વકના અભિનંદન પાઠવીએ છીએ... ભાવિન પટેલના નેતૃત્ત્વમાં સૌ કલાકારો ઉત્તરોત્તર પ્રગતિ કરી ગાંધીનગર અને ગુજરાતનું ગૌરવ વધારો એવી શુભકામનાઓ પાઠવીએ છીએ...

**ગાંધીનગર સમાચાર પરિવાર**

MAS
દિવાળી ઓફરોની આતશબાજી
આપના પોતાના ઘરનું સ્વપનું હવે થશે સાકાર
➔ હોમ લોન
➔ રીનોવેશન લોન
➔ એક્ષટેન્શન લોન
આસાન શરતો • ઝડપી એપ્રુવલ
આપનું મનપસંદ ટુ-વ્હીલર વસાવો
0%* ના વ્યાજ દરે
કેશ લોન
10 હજારથી 75 હજાર સુધી
ફક્ત 3 દિવસમાં
શોપ લોન
દુકાનની વેલ્યુએશનના 50% સુધી લોન મેળવો
મશીનરી લોન
મશીનની કિંમતનાં 80% સુધી લોન
CNC, VMC અને પ્લાસ્ટીક ઈન્જેક્શન મોલ્ડીંગ મશીન પર મેળવો લોન
*શરતોને આધિન.
માસ ફાયનાન્સિયલ સર્વિસીસ લિમીટેડ
—જે સમજે આપના અમૂલ્ય સ્વપનાનું મુલ્ય—
ગાંધીનગર : ૦૭૯-૨૩૨૬૧૧૫૫
કડી : ૦૨૭૬૪-૨૪૦૨૩૨,૬૫૦૧૧૫
મહેસાણા :૦૨૭૬૨-૨૪૪૮૬૪,૩૧૧૮૨૪
ઈડર : ૦૨૭૭૮-૩૨૬૬૨૦
હિંમતનગર : ૦૨૭૭૨-૬૯૮૨૦૨
9904301350/51